**વડીલોને વંદન**

**અભિનંદન**



કોકીલાબેન ડી. શાહ
(૧૯૪૭) ફોન : ૨૩૨૩૪૪૮૩

# જીસીસી પરીક્ષા ૧૬થી ૨૦ ડિસેમ્બર દરમિયાન લેવાશે

## ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ટાઈપિંગ, ગુજરાતી તેમજ અંગ્રેજી લઘુલેખનની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ, તા.૨૮

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી જીસીસી (ગર્વમેન્ટ કોમર્શિયલ સર્ટિફિકેટ)ની પરીક્ષા આગામી ડિસેમ્બર મહિનામાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીની ટાઈપિંગ તથા ગુજરાતી અને અંગ્રેજી લઘુલેખન માટેની પરીક્ષા આગામી ૧૬થી ૨૦ડિસેમ્બર દરમિયાન લેવાની જાહેરાત કરાઈ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગર્વમેન્ટ કોમર્શિયલ સર્ટિફિકેટ (જીસીસી)ની પરીક્ષા લેવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે લેવાનાર જીસીસીની પરીક્ષા અંગે પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે જે મુજબ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ટાઈપ તથા ગુજરાતી અને અંગ્રેજી લઘુલેખન માટેની પરીક્ષા આગામી ૧૬થી ૨૦ ડિસેમ્બર દરમિયાન લેવાની જાહેરાત કરાઈ છે. આ પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા ૨૨ ઓક્ટોબરથી ૮મી નવેમ્બર દરમિયાન હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ઓનલાઈન ફોર્મ ભરનાર ઉમેદવારોના ફોર્મમાં નામ, અટક, જાતિ, જન્મતારીખ વગેરે સુધારો કરવાની પ્રક્રિયા અત્યારે હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ધોરણ ૧૦પાસ અથવા તે સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો આ પરીક્ષા આપી શકે છે તેમજ સ્ટાફ સીલેક્શનની ભરતીમાં આ પરીક્ષાને ખાસ મહત્વની માનવામાં આવશે. આ પરીક્ષા માટેની ફી ઉમેદવાર દીઠ ૨૪૨ રૂપિયા રાખવામાં આવી હતી. જો કે, પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ પોતાના પેપરનું રિચેકિંગ કરાવવા માંગતા ઉમેદવારોએ પેપર દીઠ ૧૦૦ રૂપિયા વધારાના ચુકવવાના રહેશે.

# યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પાસે ૫ લાખ ખંખેરી લેવાયા

અમદાવાદ, તા.૨૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થી પાસેથી પરીક્ષા ફોર્મમાં લેટ ફીના નામે પાંચ લાખ રૂપિયાની વધુની રકમ ખંખેરી લેવામાં આી છે જેના કારણે વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે તેમજ આગામી દિવસોમાં વિદ્યાર્થી સંગઠનોદ્વારા ઉગ્રવિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી શક્યતા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંલગ્ન વિવિધ અભ્યાસક્રમના કોલેજના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષા ફોર્મ ભરવા અંગે યુનિવર્સિટી દ્વારા નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવે છે. જો કે, નિશ્ચિત સમય મર્યાદામાં પરીક્ષા ફોર્મ ન ભરી શકનાર વિદ્યાર્થીઓ માટે દર વર્ષે પાછળથી મુદ્દત વધારીને પરીક્ષા ફોર્મ ભરવાની વ્યવસ્થા કરી આપવામાં આવતી હોય છે. જો કે, ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરીક્ષા ફોર્મ ભરવામાં મોડા પટેલા વિદ્યાર્થીઓ માટે કોઈ મુદત વધારવામાં આવી નથી અને પરીક્ષા ફોર્મ ભરવામાં મોડા પડેલ વિદ્યાર્થીઓ પાસેથી આર્થિક દંડ વસુલવામાં આવ્યો છે. આ પરીક્ષા ફોર્મની લેટ ફી પેટે ચાલુ વર્ષે યુનિવર્સિટી દ્વારા પાંચ લાખ રૂપિયા કરતા વધુની રકમ વસુલાઈ હોવાની ચોકાવનારી હકીકત સામે આવી છે જેના કારણએ વિદ્યાર્થીઓ ઉપર પરીક્ષા ફી ઉપરાંત લેટ ફીનો ડબલ માર પડ્યો છે.

# ખેડબ્રહ્મા પોશીના તાલુકાનો લોક સંવાદ સેતુ કાર્યક્રમ ખેડબ્રહ્મા ખાતે યોજાયો

## ઘન કચરાના નિકાલ માટે મટોડા પંચાયતને ટ્રેક્ટર અપાયું

ખેડબ્રહ્મા, તા.૨૮

ખેડબ્રહ્મા-પોશીના તાલુકાનો લોક સંવાદ સેતુ કાર્યક્રમ રાજયના ગૃહમંત્રી અને સાબરકાંઠાના પ્રભારી મંત્રી રજનીકાન્ત પટેલના અધ્યક્ષસ્થાને ખેડબ્રહ્મા ખાતે યોજાયો હતો. ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં ૧૩૯ પ્રશ્નો રજુ થયા હતા. જેમાંથી ૧૩૪ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ખેડવા જળાશયમાંથી ઓવર ફલો થતા પાણીથી મટોડા, આગીયા ગામના તળાવ ભરવા, ખેડબ્રહ્મા નગરપાલિકામાં ગરીબો માટે આવાસ ફાળવવા, તાલુકામાં બીપીએલ લાભાર્થીઓની યાદી ફરી બનાવવી સાચા લાભાર્થીઓને લાભ આપવાના પ્રશ્નો રજુ થયા હતા. જેમાં તાલુકા પંચાયતના ૨૫, માર્ગ અને મકાન (પં) ૨૬, ગુહાઈ નહેર પેટા વિભાગ-૧૦, ખેડબ્રહ્મા નગરપાલિકા ૯ મળી કુલ ૧૩૯ પ્રશ્નો રજુ થયા હતા. આ પ્રસંગે રજનીકાન્ત પટેલ દ્વારા ખેડબ્રહ્મા તાલુકામાં દૂધ સંજીવની યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટર બંછાનિધિ પાની, ડીડીઓ નાગરાજન એમ, ભાજપ જિલ્લા પ્રમુખ પૃથ્વીરાજ પટેલ, ધારાસભ્ય અશ્વિન કોટવાલ, પ્રવિણ માલ, રમીલાબેન બારા, જશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મામલતદાર એચ.એન. મોદી અને અજીતસિંહ રહેવરે કર્યું હતું.

# મોડાસા મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં સ્વ પ્રમાણિત નકલો ન ચલાવતાં પ્રજાજનો રોષે ભરાયા

મોડાસા, તા.૨૮

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વપ્રમાણિક નકલો ચલાવવાની જાહેરાત કરી હોવા છતાં મોડાસા મામલતદાર કચેરીમાં આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો અને અન્ય દાખલાઓ કઢાવવામાં ટ્રુ કોપી ફરજીયાત માંગવામાં આવતા લોકોને ખરી પ્રમાણિત નકલ કરવા માટે દોડાદોડી કરવા સાથે આઘાત અનુભવે છે. અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ મોડાસા જનસેવા કેન્દ્રની આળસ ઉડાડે તેવી પ્રજાજનો માંગ કરી રહ્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

ભારતના વડાપ્રધાને પ્રજાને પડતી હાલાકી દૂર કરવાના આશય સીથે અંગ્રેજોના ગુલામી સમયથી ચાલી આવતી ટ્રુ કોપી કરવાની પ્રથા બંધ કરીને સ્વપ્રમાણિત નકલો માન્ય રાખવાની જાહેરાત કરી હોવા છતાં મોડાસા મામલતદાર કચેરીના જન સેવા કેન્દ્રના અમુક કર્મચારી ગણ પોતાની મનમાની કરી સ્વપ્રમાણિત (ખરી કરેલી) નકલ ચલાવતા નથી તો આ અંગે મોડાસા મામલતદાર કચેરી ઉપર જ આવેલી અરવલ્લી જિલ્લા કલેકટરની ઓફિસ હોવાથી કલેકટર સાહેબ આવા કર્મચારીઓ વિરુદ્ધ સખત પગલા ભરે તે ખુબ જ જરુરી છે.

આધારભુત સૂત્રો દ્વારા માહિતી મુજબ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાળાના વિદ્યાર્થીઓ સહિત આમ અરજદારોને સક્ષમ અધિકારી પાસે પ્રમાણપત્રોની ટ્રુ કોપી કરાવવાની અંગ્રેજોના જમાનાથી ચાલી આવતી પ્રથા બંધ કરી પ્રમાણપત્રો સ્વ પ્રમાણિત કરી માન્ય રાખવાની જાહેરાત કરી હતી જેનો ઉદ્દેશ સમયનો બગાડ ન થાય એ હતો પણ આ હુકમની મોડાસા જનસેવા કેન્દ્રના કર્મચારીઓને જાણ નહિ હોય કે કેમ? અથવા અમલ કરવામાં વિલંબ શું કામ? દાખલા મેળવનાર ઉમેદવારો પાસે ફરજ પાડી કલાસ-૧ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલી નકલ જ માંગી રહ્યા છે જેના લીધે દૂર દૂરથી આવતા અરજદારો મુશ્કેલીમાં મુકાઈ જાય છે. અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ આવા કર્મચારીઓને મનમાની બંધ કરાવી નિયમોના પાલન કરાવે તો ખુબ જ મોટી રાહત થાય તેમજ સ્વપ્રમાણિત નકલો અમલમાં લાવે તેવી જનતાની માંગ છે.

# કિડની હોસ્પિટલને હવે સ્ટેટ યુનિ દરજ્જો આપવા નિર્ણય

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદમાં આવેલી રાજ્ય સરકારની મદદ ધરાવતી કિડની હોસ્પિટલને હવે સ્ટેટ યુનિવર્સિટીનો દરજ્જો આપવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આજે આરોગ્ય પ્રધાન નિતિનબાઈ પટેલે આ મુજબની જાહેરાત કરી હતી. નિતિન પટેલે વધુમાં કહ્યું હતું કે રાજ્યની કિડની ઈન્સ્ટીટ્યુટને રાજ્યકક્ષાની સ્વતંત્ર સ્ટેટ યુનિવર્સિટીનો દરજ્જો આપીને સ્વંતત્ર યુનિવર્સિટી બનાવવા કિડની ઈન્સ્ટીટ્યુટના નિયામક એચએલ ત્રિવેદી દ્વારા મુખ્યપ્રધાન આનંદીબેન પટેલને રજૂઆત કરવામાં આવી હતી. જેના સંબંધમાં ૨૬મી નવેમ્બરના દિવસે મુખ્યપ્રધાન આનંદીબેન પટેલના નેતૃત્વમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં આરોગ્ય અને માર્ગ મકાન પ્રધાન નિતિન ભાઈ પટેલ, શંકરભાઈ ચૌધરી અને નાણાં, આરોગ્ય, શિક્ષણ, કાયદા વિભાગના સચિવો તથા રાજ્યની પ્રતિષ્ઠિત કિડની કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટરના નિયામક એચએલ ત્રિવેદી હાજર રહ્યા હતા.

આ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા કરવામા આવી હતી. ચર્ચાવિચારણાના અંતે આ યુનિવર્સિટીને સ્ટેટ યુનિવર્સિટીનો દરજ્જો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ કિડની હોસ્પિટલમાં દર વર્ષે ૨૫૦થી ૩૦૦ સ્ટેમ સેલ પ્રત્યારોપણો જુદા જુદા રોગો માટે કરવામાં આવે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને આરોગ્ય સવલતોમાં વધારો કરવા, સંશોધન અને આરોગ્ય ક્ષેત્રે વ્યાપ વધે તેથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યમાં કિડની, લિવર અને સ્ટેમ સેલ પ્રત્યારોપણો તેમજ ભવિષ્યમાં વધુ માનવ અંગોના પ્રત્યારોપણની સુવિધાઓ જરૂરીયાતવાળા દર્દીઓને મળે અને તેને આનુષાંગિક ઉચ્ચ અભ્યાસક્રમમો જેમકે પીએચડી, ડીએમ, ડીએનબી, એમડી, ડાયાલીસીસ, વિવિધ ટ્રાન્સપ્લાન્ટ સ્પેશિયાલિટીસ, પેતોલોજી સ્પેશિયાલીટીસ તેમજ દર્દીઓને સારવાર આપવા માટે જુદા જુદા ડાયાલીસીસ નર્સ, ટેકનિશિયન તથા ડાયાલીલીસ તબીબોને તૈયાર કરવામાં આવશે. તે જ પ્રમાણે માનવ અંગોના પ્રત્યારોપણની કામગીરી અંગે રીસર્ચ થાય તેમજ ટ્રાન્સપ્લાન્ટ વગેરેના વિષયોને ઉચ્ચ અભ્યાસ માટે ઉપર દર્શાવેલા સુપર સ્પેશિયાલિસ્ટ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે.તમામ બાબતોને ધ્યાનમાં લઈને હાલની કિડની ઈન્સ્ટીટ્યુટને સ્ટેટ યુનિવર્સિટી બનાવવાની મંજૂરી આપવાનો સૈદ્ધાંતિક નિર્ણય મુખ્યપ્રધાન દ્વારા કરવામાં આવ્યો છે.

# ડીસામાં 'મારી દીકરી લાડકવાઈ' નાટકે જણાવ્યો રંગ

ડીસા, તા. ૨૮

હાલના આધુનિક જીવન, આપણા સમાજમાં, દીકરીના સ્થાન વિશે સંવેદનશીલ અને સમજુ લોકો સકારાત્મક રીતે વિચારે છે. પરંતુ એ ચિત્ર કેટલું વ્યાપક છે? આપણે જે સદીમાં રહીએ છીએ એમાં અનેક પુરાણા ખ્યાલોમાં આમૂલ પરિવર્તન આવ્યું હોવા છતાં સમાજનો ઘણો મોટોભાગ હજી દીકરી વિશે નકારાત્મક વિચારો ધરાવતો હોય એવા કેટલાય કિસ્સા નજરે ચઢે છે. ત્યારે ડીસામાં મારી દીકરી લાડકવાઈ નામનું સકારાત્મક સંદેશ પહોચાડતું અને ગુજરાત સરકાર સહીતનાં ૭ એવોર્ડ વિજેતા નાટક ભજવતા દર્શકો મંત્રમુગ્ધ બન્યા હતા.

બનાસકાંઠા નાં ડીસા માં આદર્શ વિદ્યાસંકુલ ડીસા આયોજિત સાગર અકાદમી હિમતનગર નિર્મિત અને ઉત્તર ગુજરાતમાં ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર ભરત વ્યાસ લિખિત તેમજ દિગ્દર્શિત સર્વાગસુંદર સામાજિક નાટક મારી દીકરી લાડકવાઈ ડીસામાં ભજવાયું હતું. આદર્શ વિદ્યાસંકુલ ડીસા ખાતે ભજવાયેલા આ નાટક માણવાં મોટી સંખ્યા માં લોકો હાજર રહ્ના હતા દીકરીની વાત કરીએ તો વિધાતાએ ખાંતે કરીને ઘડેલી દીકરી મા-બાપની સુખાકારી માટે હંમેશાં જીવ બાળતી હોય છે. માતા અને પિતા જેમ દીકરીને યાદ કરે છે એમ દીકરી પણ એમને કદી ભૂલતી નથી. દીકરી અને એના પિતા-પપ્પા - ડેડી વચ્ચેનો ·મ સંબંધ અવર્ણનીય છે. દીકરી એટલે ·મનો પર્યાય.. વહાલનો દરિયો, અંતરનો ઉજાસ, બારમાસી વાદળી.. સ્નેહનું નિરંતર વહેતું ઝરણું.. દીકરી એટલે આંગણાનો તુલસી કયારો.. દીકરી એટલે બે કુટુંબને ઉજાળતી ઘર દીવડી.. કેટકેટલા વિશેષણોથી દીકરીને આપણે નવાજીએ છીએ.. ત્યારે ખરેખર શું વર્તમાન સમાજનાં આગેવાન બનેલા એવા તમે હું અને આપણે આપણી દીકરીને ન્યાય - હક્ક અને પુરતું આત્મ સન્માન આપી શક્યા છીએ ખરા ??? જો આપણાં અંતરાત્માનો જવાબ નાં હોય તો આપણે આજથી જ આત્મમંથન અને અમલવારી માટે -માણીકતાથી પહેલ કરવી પડશે, ડીસામાં ભજવાયેલા મારી દીકરી લાડકવાઈ નામનું નાટક આવો જ સકારાત્મક સંદેશ પહોચાડતું હોઈ ભારે લોકપ્રિય બન્યું હતું. આ નાટકનાં મૂળ ઉદ્દેશ બાબતે નાટ્યકાર ભરત જોશી એ પોતાનું મંતવ્ય રજુ કરતા જણાવ્યું હતું કે દીકરી -દીકરા જેટલીજ વ્હાલી અને લાડકવાઈ છે, ૩૨ વર્ષથી રંગભૂમિ સાથે જોડાયેલો છે. મારે બે દીકરી પણ છે, પિતૃવાત્સલ્ય ભાવે દીકરીઓનું પણ સન્માન થાય તે આલબેલ જગાડવા મેં મારી દીકરી લાડકવાઈ નામનું નાટક રચી તેને ઘેર ઘેર ગુંજતું કર્યુ છે. ગુજરાત સરકાર સહીત અન્યો એ આ નાટકને સાત એવોર્ડથી નવાજયું છે. લુપ્ત થતી નાટ્ય સંસ્કૃતિ જીવંત રાખી સમાજમાં સારો સંદેશ પહોચાડવાનો -યાસ છે તેવું જણાવ્યું હતું.

જયારે આ લાગણી અને સવેદનાના સુર જગાડતા નાટકના પાત્ર એવા બાળ કલાકારે પણ સ્ટેજ પર્ફોમન્સ રજુ કરી દર્શકોને ડોલાવ્યા હતા. દીકરી પાસે પિતાની અપેક્ષા અને દીકરીનું પિતા -ત્યેનું ઋણ કેવું હોવું જોઈએ તે પણ આ બાળ કલાકાર પટેલીયા દીલ્પ્યા પોતાની આગવી છટામાં જણાવ્યું હતું. સમાજમાં જાગૃતિ અભિયાન સમા આ નાટકથી દીકરીઓ માટે સન્માન અને સમભાવનાનો સંદેશ વહેતો થયેલ હોવાનું દર્શક અને ઈન્ડીયન મેડીકલ એશોશીએસ્નના ડોક્ટર અજય જોશીએ જણાવ્યું હતું.

## શબ્દાવલી - ૫૫૭૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ■ | ■ | ■ | |
| | ■ | | ■ | ૭ | ૮ | | |
| ૯ | | | ■ | ૧૦ | | ■ | ■ |
| | ■ | ■ | ૧૧ | | | ૧૨ | ૧૩ |
| ■ | ૧૪ | ૧૫ | | | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | ■ | ૧૮ | | ■ |
| ■ | ૧૯ | | | | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. આકાશ, ગગન મંડળ (૪)
૪. 'અપર' શબ્દ આડોઅવળો (૩)
૬. ઉધાર અને... (૨)
૭. મેળવવું, પ્રાપ્તિ (૪)
૯. યાચના કરવી (૩)
૧૦. પરીક્ષા (૨)
૧૧. અળવીતરૂ (૫)
૧૪. સમાપ્તિ, છોડી દેવું તે (૪)
૧૬. ચુલો (૨)
૧૭. નિસાસો (૩)
૧૮. બાપુજી, મોટા બાપુ (૨)
૧૯. વિનયી વર્તણુંક (૪)
૨૦. પગના તળિયામાં બળતરા થાય તેવી ગરમીને... ગરમી કહેવાય (૨)

### ઊભી ચાવી

૧. અધવચ્ચે (૫)
૨. મનાવવું (૪)
૩. માફી (૨)
૫. પૂજન..., અર્ચના કરવી(૩)
૭. બગીચો (૪)
૮. પૃથ્વીનું બહુ ઊંડુ તળ (૩)
૧૧. અરજ (૨)
૧૨. ડખલગીરી (૪)
૧૩. કાનનું એક ઘરેણઉં, ડંડીયા... (૨)
૧૪. ભરોસો (૩)
૧૫. એક ચોપગું પ્રાણી (૩)

### શબ્દાવલી ૫૫૭૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરઘસ (૪) ચૌદસ (૭) મફત (૯) લાગ (૧૦) સારસ બેલડી (૧૧) સરાણ (૧૬) ગંધાર નરેશ (૧૭) ડેની (૧૮) ચાક (૧૯) અરસપરસ

**ઊભી ચાવી :-** (૧) સરકસ (૨) ઘમસાણ (૩) સફર (૫) દલાલ (૬) સગડી (૮) તસપા (૧૨) રાજધાની (૧૩) જાનદાર (૧૪) તાશ (૧૫) બારકર (૧૬) ગંડેરી (૧૮) ચાર

## કંપની સમાચાર

### મોન્ટેકાર્લો ફેશન્સ લિમિટેડનો પબ્લિક ઈશ્યુ ૩ ડિસેમ્બરે ખુલશે

મોન્ટે કાર્લો ફેશન્સ લિમિટેડની પ્રત્યેક રૂ. ૧૦ની કિંમતના ૫,૪૩૩,૦૧૬ ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ) ૩ ડિસેમ્બરનાં રોજ ઓફર ફોર સેલ દ્વારા ખુલશે, જેની પ્રાઈસ બેન્ડ રૂ. ૬૩૦ થી રૂ. ૬૪૫ રહેશે. ઓછામાં ઓછા ૨૩ અને તે પછી ૨૩ના ગુણાંકના શેર માટે બિડ કરી શકાશે. આ ઓફર, ઓફર પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીના ૨૫ ટકા હશે. કંપની એન્કર ઈન્વેસ્ટરની ભાગીદારી માટે પણ વિચારી શકે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ ડેટ બિડ/ઓફરની ઓપનીંગ ડેટ પહેલાં કામકાજનો એક દિવસ રહેશે. બિડ/ઓફર ૫ ડિસેમ્બરનાં રોજ બંધ થશે.

આ ઓફર સેબી (ઈયુ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ)ના નિયમન ૨૬(૧) ને અનુરૂપ (સેબી આઈસીડીઆર નિયમનો, જેમાં ઓફરના ૫૦ ટકા ક્યુઆઈબીને સપ્રમાણ ફાળવવામાં આવશે.) બુક બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે. આ માટેની શરત એ છે કે કંપની ક્યુઆઈબી કેટેગરીના ૬૦ ટકા ફાળવણી મુનસફીના ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવી શકે છે. આમાંથી એક તૃતીયાંશ હિસ્સો એન્કર ઈન્વેસ્ટર ઓફર પ્રાઈસ કે તેનાથી વધુ કિંમતે સ્થાનિક મ્યુ ફન્ડસને તેમની પાસેથી મળનારી માન્ય બિડને આધીન અનામત રાખવામાં આવશે.

આ ઉપરાંત, ક્યુઆઈબી કેટેગરીના પાંચ ટકા (એન્કર ઈન્વેસ્ટર હિસ્સાને બાદ કરતા) મ્યુ ફન્ડસને સમાન ધોરણે ફાળવવા માટે ઉપલબ્ધ કરાવાશે. બાકીનો હિસ્સો ક્યુઆઈબી અને મ્યુચ્યુઅલ ફન્ડસ (ઓફર પ્રાઈસ કે તેનાથી વધુ કિંમતે મળનારી માન્ય બિડને આધીન)ને ફાળવવા માટે રાખવામાં આવશે. ૧૪ ટકાથી ઓછી નહીં તેટલી ઓફર નોન ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ માટે સપ્રમાણ ધોરણે અને ૩૫ ટકાથી ઓછી નહીં તેટલી ઓફર રિટેલ ઈન્ડિવિડ્યુઅલ ઈન્વેસ્ટર્સ માટે આઈસીડીઆર નિયમનોને અનુરૂપ ઉપલબ્ધ કરવામાં આવશે.

રિટેલ ઈન્ડિવિડ્યુઅલ ઈન્વેસ્ટર્સ એએસબીએ એકાઉન્ટસની વિગતો પુરી પાડીને ઓફરમાં ભાગ લી શકે છે. આ ખાતામાં બિડ્સ રકમ બ્લોક કરવામાં આવશે. ક્યુઆઈબી (એન્કર ઈન્વેસ્ટર્સને બાદ કરતાં) અને નોન- ઈન્સ્ટિટ્યુશનલ રોકાણકારો એએસબીએ પ્રક્રિયા દ્વારા જ ઓફરમાં ભાગ લઈ શકશે. એન્કર ઈન્વેસ્ટર્સને એએસબીએ પ્રક્રિયા દ્વારા ઓફરમાં ભાગ લેવાની મંજુરી નથી. આરએચપી દ્વારા જારી થનારા ઈક્વિટી શેર બીએસઈ અને એનએસઈ પર લિસ્ટિંગ કરાશે. ઓફરના બુક રનિંગ લીડ મેનેજર એસબીઆઈ કેપિટલ માર્કેટસ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિ., એડલવીસ ફાઈ. સર્વિસિસ અને રેલિગેર કેપિટલ માર્કેટ્સ લિ. છે.

## જમીનની માંગણી કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા સરકારમાં રજુઆત કરવી જોઈએ તેમ જણાવતાં ઉમેર્યું હતું કે અમે અને મહેન્દ્રસિંહ વાઘેલા, સ્વ. મંગળદાસ પટેલ પણ વારંવાર આ મુદ્દો ગૃહમાં રજુ કરી ચુક્યા છીએ. જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને જણાવ્યુ હતુ કે બહુમાળી મકાન એવુ બનાવીએ કે જેમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત બેસી શકે. જો કે સભ્યોએ જણાવ્યું હતુ કે કે નવ માળનું બિલ્ડીંગ બનાવવાનું થાય જે મંજૂરીને પાત્ર નથી. સરકારની ૧॥ કરોડની સહાય બાદ પંચાયતના સ્વભંડોળમાંથી કેટલો ખર્ચ કરવો તેમજ આ બહુમાળી ભવન પછી પ્રશ્નોનું નિરાકરણ થઈ જશે નહિ એટલે વધુ એક વખત જમીનની માંગણી કરવી એ જ હિતાવહ છે. આ પછી સામાન્ય સભાએ વધુ એક વખત સરકારમાં પંચાયતની અલગથી જમીન માંગવા અને આ મકાન તાલુકા પંચાયતને સોંપવાનો નિર્ણય કર્યો હતો. તેમજ તેના ટાઈટલ ક્લીયરન્સની કાર્યવાહી કરવાનો પણ નિર્ણય કર્યો હતો.

## પોલીસ સ્ટેન્ડ ટુ રહેશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરને પણ શણગારવા તંત્ર સજ્જ બન્યું છે. વાઈબ્રન્ટ સમિટિમાં પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ સહીત વિવિધ રાજ્યોના મુખ્યમંત્રી ઉપરાંત દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. ત્યારે મહાનુભાવોની સલામતીને સ્પર્શતા પરિબળો પ્રત્યે પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાશે. આ માટે ગાંધીનગર જિલ્લા ઉપરાંત રાજ્યના અન્ય પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો પણ બંદોબસ્તમાં જોવા મળશે. અંદાજિત ૫ હજાર પોલીસ અધિકારી-કર્મચારીઓને બંદોબસ્તમાં જોડવામાં આવશે. આ પૈકી પોલીસ અધિકારીઓના રોકાણ માટે શહેર તેમજ આસપાસના હોટલ, ગેસ્ટહાઉસમાં રૂમો બુક કરવામાં આવી છે. જ્યારે અન્ય પોલીસ કર્મચારીઓને પાર્ટીપ્લોટ અને રંગમંચના સ્થાનોએ ટેન્ટ બાંધી રોકાણ થાય તેવી વ્યવસ્થા ઉભી કરાશે.

## ઠંડુ શહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પડે છે તેવા ડીસા અને નલીયા જેવા શહેરોને પાછળ રાખી ગાંધીનગર ઠંડીની બાબતમાં ટોપ કરી રહ્યું છે. આ વર્ષે તો જ્યારથી ઠંડી પડવાની શરૂઆત થઈ છે ત્યારથી તે ટોપ પર જ છે. લઘુત્તમ તાપમાન અન્ય શહેરો કરતાં બે ડિગ્રી જેટલુ ઓછુ નોંધાતા ગાંધીનગર ઠંડીની બાબતે પ્રથમ ક્રમે જ રહ્યું હતું.

ગઈકાલે રાત્રે મોસમનું સૌથી ઓછુ તાપમાન ૧૩.૨ ડિ.સે. જેટલુ નોંધાયું હતું. સાંજ પડતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરતા તાપમાનમાં ગીરાવટ આવી હતી. વસાહતીઓ વહેલા ઘરમાં પુરાઈ ગયા હતા. ઠંડી વધતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી હતી. સેક્ટરો સુમસામ થઈ ગયા હતા. વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં સજ્જ થવાની જરૂરીયાત ઉભી થઈ હતી. હવામાન ખાતાની આગાહી અનુસાર આગામી અઠવાડીયે વધુ ઠંડી પડશે. શહેરનું મહત્તમ તાપમાન ૩૨.૪ ડિ.સે. રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૬ ટકા અને સાંજે ૪૨ ટકા રહ્યું હતું.

## જવાબદારી નિયત કરો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૦૬માં જે ૧૮૪૬ જેટલા આવ્યા હતા તે પૈકી ૧૦૬૪ બંધ હાલતમાં છે. જ્યારે ૨૦૧૧ થી અત્યાર સુધીમાં આવેલા ૨૩૨૧ પૈકી ૪૭ કોમ્પ્યુટર્સ બંધ જણાયા છે. સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં ૬૦૨ કોમ્પ્યુટર્સ બંધ છે. આ પછી કલોલમાં ૩૭૯ દહેગામમાં ૩૭ અને માણસામાં ૪૫ બંધ છે. જે ૨૦૦૪ થી ૦૬ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અપાયા હતા. ૨૦૧૧ બાદ મળેલા ૪૭ કોમ્પ્યુટર્સ જે બંધ છે તેમાં ૩૦ દહેગામમાં અને ૧૭ માણસામાં છે.

શ્રી રાઠોડે કોમ્પ્યુટર્સ રિપેરીંગ માટેની એજન્સી અંદરથી સ્પેરપાર્ટસ ચોરી કરી લેતી હોવાની ચોંકાવનારી વાત રજુ કરી જણાવ્યું હતું કે આ મુદ્દે પોલીસ ફરિયાદ પણ થયેલી છે. આજની બેઠકમાં શ્રી રાઠોડે જ ત્રણ પ્રશ્નો રજુ કર્યા હતા. જેના પર ૫૦ મિનિટ સુધી ચર્ચાઓ ચાલી હતી.

## બહુચરાજી સ્થિત પ્લાન્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યંત ઉત્સુક છે. અત્યાર સુધી કોઈ પણ કોરિયન ઓટો કંપની ભારતના બજારમાં "ત્યક્ષ રીતે હાજરી ધરાવતી નથી, પરંતુ હવે આ ઓટો શોમાં કોરિયાની ત્રણ ઓટો પાર્ટ્સ કંપનીઓ અને કોરિયન ઓટો ઉત્પાદક કંપનીઓ માટે માર્કેટિંગ કરતી એક કોરિયન કંપની ભાગ લઈ રહી છે, ત્યારે આ કંપનીઓ નવી પ્રોડક્ટ વિકસાવવા માટે ભારતીય કંપનીઓ સાથે સંયુક્ત સાહસ શરૂ કરવા ભાગીદારની શોધમાં છે.

ભારત તથા વિદેશ ખાસ કરીને કોરિયાના હિતધારકો આ ટ્રેડ શો દરમિયાન સંખ્યાબંધ સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કરશે. આજે ગ્લોબલ કન્સલ્ટન્સી કંપની વિવો અને નેશનલ ઓટોમોટિવ ટેસ્ટિંગ એન્ડ આરએન્ડડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ વચ્ચે ભારતીય તથા કોરિયાની ઓટો કંપનીઓ વચ્ચે વ્યવસાયિક સંબંધો વિકસાવવા માટે એક સમજુતિ કરાર કરવામાં આવ્યો હતો. આ કરાર પર વિવોના પ્રેસિડન્ટ તથા સીઈઓ શ્રી કેલ્વિન વાઈ તથા એનએટીઆરઆઈપીના સીઈઓ આઈએએસ નિતીન આર. ગોકાર્ને હસ્તાક્ષર કર્યા હતા. આ તબક્કે શ્રી રણધીર સિંહ કાલસીએ જણાવ્યું હતું કે હાલમાં ભારતનો ઓટો ઉદ્યોગ એક મુશ્કેલીના સમયમાંથી પસાર થઈ રહ્યો છે અને આવો કપરો સમયગાળો આગામી છ મહિનાથી લઈને એક વર્ષ જેટલા સમય સુધી ચાલુ રહે એવી શક્યતા છે, પરંતુ હાલમાં સરકાર દ્વારા જે નવા પગલાં લેવામાં આવી રહ્યા છે અને જે નવા પ્રોજેક્ટો શરૂ કરવામાં આવી રહ્યા છે, તેને ધ્યાનમાં રાખતાં આગળ જતાં ઓટો ઉદ્યોગની માંગમાં વધારો થશે એવી અમને આશા છે. મારૂતિ તેનો માનસર ખાતેનો પ્લાન્ટ ૨૦૧૭ના વર્ષમાં શરૂ કરશે એમ પણ તેમણે ઉમેર્યું હતું.